بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.26-05-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન**

તશહુદ તઆઉઝ તથા સુર: ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ નીચે દર્શાવેલ આયતની તિલાવત કરી અને તેનો અનુવાદ પણ પેશ કર્યો.

وعد اللہ الذین امنوا منکم وعملوا الصلحت لیستخلفنھم فی الارض کما استخلف الذین من قبلھم ولیمکنن لھم دینھم

الذی ارتضی لھم ولیبدلنھم من بعد خوفھم امنا یعبدوننی لا یشرکون بی شیئا ومن کفر بعد ذلک فاولئک ھم الفسقون

અર્થાત: તમારામાંથી જે લોકો ઈમાન લાવી નેક કામો કરશે તેને અલ્લાહે વાયદો આપ્યો છે કે તે તેમને ધરતીમાં ખલીફા બનાવશે, જેવી રીતે તેમના પહેલાં તેણે ખલીફા બનાવ્યા હતા અને તેમના માટે જે ધર્મ તેણે પસંદ કર્યો છે તેને કાયમ કરશે અને ભયની સ્થિતિ પછી તેમને સંપૂર્ણ અમન આપશે, તેઓ મારી ઈબાદત કરશે અને કોઈ અન્યને મારો શરીક ન ઠરાવશે, તેના પછી જો કોઈ નાશુક્રી કરશે તો તેઓ નાફરમાન ગણાશે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ આયત જેવું કે તેના વિષયથી સ્પષ્ટ છે કે અલ્લાહ તઆલા મુસ્લિમોથી આ વાયદો બયાન કરી રહ્યો છે કે ઈસ્લામમાં ખિલાફત કાયમ રહેશે. હાં આંહઝરત સ.અ.વ.ના એક ફરમાન પ્રમાણે મુસ્લિમોના અમલ અને ઈમાનની હાલતના કારણે આ ઈનામ તેમનાથી એક સમય સુધી છીનવી લેવામાં આવશે પરંતુ ખિલાફતે અલા મીન્હાજે નબુવ્વત ફરી દુનિયામાં કાયમ અને જારી થશે. મુસ્લિમોના અધિકતર લોકો આ વાતને સમજતા નથી કે ખિલાફતનો નિઝામ કેવી રીતે કાયમ થશે. મુસ્લિમોમાં ઘણા બધા લોકો છે જે કહે છે કે કોઈ ખિલાફતની જરૂર નથી અને જે જે સમુદાયથી સંબંધ છે તેના પર જ અમલ કરે અને આ જરૂરી છે. મુસ્લિમ આલિમોની આ ઓછા જ્ઞાન અને અજ્ઞાનતાનું વર્ણન કરતા હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે અમુક લોકો આયત

وعد اللہ الذین امنوا منکم وعملوا الصلحت لیستخلفنھم فی الارض کما استخلف الذین من قبلھم

ની સાધારણતાથી ઈન્કાર કરી કહે છે કે منکم થી સહાબા જ મુરાદ છે અને સાચી સદમાર્ગ ખિલાફત તેમના જ યુગમાં સમાપ્ત થઈ ગઈ અને કયામત સુધી ઈસ્લામમમાં આ ખિલાફતનો નામો નિશાન ન હશે. માનો એક સપનાની જેમ આ ખિલાફતની સીમા કેવળ ત્રીસ વર્ષ જ હતી અને પછી હંમેશના માટે ઈસ્લામ એક પતનકારી દુર્ભાગ્યમાં પડી ગયો, નઅઉઝુ બિલ્લાહ. આવી વાતો સાંભળીને તો અમારૂ શરીર ધ્રુજી ઉઠે છે કે માનો ઈસ્લામની બરકતો આગળ નહી બલ્કે એક લાંબા સમય વીત્યો કે તેનું સમાપન થઈ ગયું.

હુઝુર અનવરે ફરમાવ્યું કે કેટલાક એવા પણ છે જે પોતાની દુન્યવી શાસનોના બળે પોતાની ખિલાફત સ્થાપવા ચાહે છે. તેમના વિચારમાં ખિલાફત કોઈ શકિતના કારણે કાયમ થઈ જશે અને તે લોકો અલ્લાહ તઆલાના આ સ્પષ્ટ સંદેશને નથી સમજતા કે ઈમાન અને શુભ કર્મ સાથે આ વાયદો પ્રતિબંધિત છે, અલ્લાહ તઆલાનો વાસ્તવિક બંદો બનવા સાથે આ વાયદો પ્રતિબંધિત છે. સાધારણ મુસ્લિમોના આ અનુચિત વિચારના કારણે ઈસ્લામ વિરોધી શકિતઓએ પણ ઈસ્લામી દુનિયાને દુર્બળ બનાવવા માટે એવા સંગઠનોની સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવી તથા સહાયતા આપવી શરૂ કરી જેમણે ખિલાફતના નામે પોતાને મુનઝઝમ કર્યા પરંતુ આ અમુક સમય સુધી ભૌતિક લાભ પ્રાપ્ત કરીને, દુનિયાના આકાઓની સહાયતા ન મળવાના કારણે અથવા તેમના ઉદ્દેશ પૂર્ણ થવાના કારણે લુપ્ત થઈ રહી છે. ત્રીસ વર્ષ થયા આયરલેન્ડમાં મારાથી એક પત્રકારે પૂછયું કે આ જે ખિલાફતનો સમય શરૂ થયો છે, ઈસ્લામી દુનિયામાં તેનું શું મહત્વ છે. મેં તેને આ જ જવાબ આપ્યો કે આ ખિલાફત નથી, આ તેવો જ પ્રકારના કટ્ટર પંથીનો જુથ છે જે રીતે પહેલા જુથો કામ કરી રહ્યા છે અને તેનો પરિણામ પણ અન્તમાં તે જ થશે જે શેષ અન્ય જુથોનો થઈ રહ્યો છે. જ્યાં સુધી દુન્યવી આકા તેમનાથી ખુશ રહેશે ત્યાં સુધી કામ કરતાં રહેશે અને જ્યારે તેઓ પોતાનો હાથ ખેંચી લેશે તો ધીરે ધીરે તે કમજોર થતો જશે. ઈસ્લામ વિરોધી શકિતઓનો ઈસ્લામને કમજોર કરવા માટે એક એજન્ડો હતો તે પુરો કરી દીધો તેમણે. તેમાં મુસ્લિમ દેશોના મુખ્યા

પણ સામેલ છે જેમણે પોતાની ખુરશીઓ બચાવવા માટે જનતાની હત્યા કરી અને હજુ પણ અમન કાયમ કરવાને બદલે મુસ્લિમ મુસ્લિમના જ ભયનો કારણ બનેલ છે અને પછી બિન મુસ્લિમ દુનિયાની શાંતિને પણ આ લોકો નષ્ટ કરી રહ્યા છે. તેના કારણ કોઈ પણ હોય પરંતુ એક દર્દ મંદ મુસલમાન જ્યારે આ જુએ છે કે દુનિયામાં નિર્દોષોની હત્યા તથા વિનાશ ફેલાવવામાં કોઈ મુસ્લિમનો હાથ છે તો દિલ દુખે છે , બેચૈની થાય છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે પાછલાં દિવસોમાં અહિયા યૂ.કે.માં માનચેસ્ટરમાં ઘટના થઈ તથા વગર કારણે જ બાવીસ તેવીસ લોકોની હત્યા કરવામાં આવી જેમાં નિર્દોષ બાળકો પણ સામેલ છે. આ ઘોર અત્યાચારી પાપ છે અને કોઈ પણ અવસ્થામાં આ ઈસ્લામની તાલીમ સાથે ન જોડી શકાય. એવી અત્યાચારી ઘટનાને જોઈને આપણે વ્યાકુળ થઈ ઉઠીએ છીએ. અલ્લાહ તઆલા તે મરનાર પર પણ રહેમ કરે અને તેમના ઉત્તરાધિકારીઓને પણ સંતોષ આપે અને તે અત્યાચારીઓના હાથને પણ રોકે જે ઈસ્લામના નામે તથા ખિલાફતના નામે આવું કામ કરે છે. તેવી જ રીતે દુનિયાના મુસ્લિમ દેશોમાં પણ જે ઉપદ્રવ તથા હત્યાઓ થઈ રહી છે આ બધું ધર્મથી દુર હટવા અને અલ્લાહ તઆલાના આદેશોને ન માનવાનું પરિણામ છે. આ કર્મ, જે ઈસ્લામી તાલીમને વિરૂધ્ધ થઈ રહ્યા છે અને આ અત્યાચાર જે ઈસ્લામના નામે થઈ રહ્યા છે અને આ રીતે તે જુલ્મ પણ જે ઇસ્લામી સરકારો, અન્ય સરકારોની સહાયતાથી મુસ્લિમોને બોમ્બારી કરીને અથવા વિના ભેદ હત્યા તથા વિનાશ કરીને કરે છે, તે બધાનો દુખ આપણે અહેમદી સૌથી અધિક અનુભવ કરી શકીએ છીએ જેમણે ઈસ્લામની તાલીમને ઓળખી, જેમણે ઈસ્લામની મહોબ્બત, પ્રેમ અને અમન શાંતિની તાલીમને ઓળખી, જેમણે ખિલાફતના હાથ પાછળ ભયને શાંતિમાં બદલવાના દ્રશ્યો જોયા.

હુઝુર અનવરે ફરમાવ્યું કે ખિલાફત ન તો દુન્યવી શકિતઓથી મળી શકે છે, ન દુન્યવી ચાલાકીઓથી, ન તથાકથિત આલિમોને એકત્ર થઈને પ્રસ્તાવ પાસ કરવાથી, જેવું કે કેટલાક વર્ષ પહેલાં આ પ્રયત્ન પણ થઈ ચુકયો છે કે મુસલમાન એકત્ર થાય અને પોતાનો એક ખલીફા ચૂટી લે, આ રીતે ખિલાફત કાયમ ન થશે. ખિલાફતની વ્યવસ્થા જે ભયને અમનમાં બદલવાનો નિઝામ છે અલ્લાહ તઆલા અને તેના રસૂલના બતાવેલ માર્ગ અનુસાર અમલમાં આવવું છે. જેના વિશે અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે وَ اٰخَرِیۡنَ مِنۡهُمۡ لَمَّا یَلۡحَقُوۡا بِهِمۡ જયારે આ આયત નાજીલ થઈ તો એક સહાબીએ આંહઝરત સ.અ.વ.થી પૂછયું કે હે રસૂલુલ્લાહ ! તે કોણ લોકો છે જે હજુ તેમને નથી મળ્યા અને સહાબાનો દરજ્જો રાખે છે ? આંહઝરત સ.અ.વ.એ સલમાન ફારસીના ખભા પર હાથ મુકીને ફરમાવ્યું કે જો ઈમાન સુરય્યા પાસે પણ પહોચી ગયો હશે તો તે લોકોમાંથી અમુક લોકો તેને પાછો લઈ આવશે અને આખરીનના મુકામ વિશે એક અવસરે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે મારી ઉમ્મત એક મુબારક ઉમ્મત છે. નથી ખબર કે તેમનો અવ્વલ જમાનો સારો છે કે આખરી જમાનો. આમ આખરી જમાનાની ખુશખબરી પણ આંહઝરત સ.અ.વ.એ આપી છે. આજે ઈમાનને દુનિયામાં કાયમ કરવાનો પ્રયત્ન આંહઝરત સ.અ.વ.ના સાચા પ્રેમી દ્વારા સ્થાપિત નિઝામ વગર કયો છે જે કરી રહ્યો છે. જે અમન અને પ્રેમ સાથે ઈસ્લામનો સંદેશ દુનિયામાં ફેલાવી રહ્યો છે. ઈમાનને દુનિયામાં કાયમ કરવા માટે પ્રયત્ન કરે છે.

આમ, આ કામ છે જે આપણે કરવો છે. ધર્મ અને ઈમાનને ફરીથી કાયમ કરવા માટે આ યુગમાં હઝરત મસીહ મૌઉદ અને મહદી મઅહૂદ સાથે જ જોડાવવું પડશે જે ખાતમુલ ખુલફા પણ છે. આખરીનના પહેલાં સાથે જોડાવવા બાબતે એક સ્થાને હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે.

આ આયતનો ભાવાર્થ એ છે કે ખુદા તે ખુદા છે કે જેણે એવા સમયમાં રસૂલ મોકલ્યો કે લોકો જ્ઞાન તથા વિવેકથી વંચિત થઈ ચુકયા હતા અને દીનની હિકમતના જ્ઞાન જેનાથી તકમીલે નફસ હોય અને નફૂસે ઈન્સાનિયા ઈલ્મી અને અમલી કમાલ સુધી પહોચે, બિલકુલ ખોવાઈ ગઈ હતી. લોકો પથભ્રષ્ટ થઈ ચુકયા હતા ત્યારે એવા સમયમાં અલ્લાહે પોતાનો રસૂલે ઉમ્મી મોકલ્યો અને તે રસૂલુલ્લાહ સ.અ.વ.એ તેમની આત્માઓને વિશુદ્ધ કરી અને કિતાબ અનેહિકમતના જ્ઞાનથી તેમને સુશોભિત કર્યા અને ખુદા શનાસીના નૂરથી તેમના દિલોને ઉજ્જવળ કર્યા અને પછી ફરમાવ્યું કે એક જુથ બીજો છે જે આખરી યુગમાં જાહેર થશે. તે પણ પહેલાં અંધકાર અને પથભ્રષ્ટ હશે તથા જ્ઞાન અને વિવેકથી દુર હશે ત્યારે અલ્લાહ તેમને પણ સહાબાના રૂપમાં લાવશે અર્થાત જે કંઈ સહાબાએ જોયું, તેમને પણ બતાવવામાં આવશે અહીં સુધી કે તેમનો સત્ય અને વિશ્વાસ સહાબાના સત્ય અને વિશ્વાસની જેમ થઈ જશે.

આમ, આપ અ.સ.એ આવીને ફરીથી ઈસ્લામનું પુનર્જાગરણ ફરમાવ્યું અને સહાબાએ મસીહ મૌઉદ સાથે જોડાઈને તે પ્રકાશ પ્રાપ્ત કર્યો જે ધર્મનો પ્રકાશ હતો. વિભિન્ન નિશાન જોયા. આજે પણ અનેક એવા છે જે અંધકારથી નિકળીને પ્રકાશ જોઈ રહ્યા છે અને નિશાન જોઈને અહેમદિયા જમાઅતમાં સામેલ થઈ રહ્યા છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અલજઝાયરનો દાખલો જ આજકાલ આપણી સામે છે. આ કોઈ એટલી જુની જમાઅત નથી પરંતુ મસીહ મૌઉદને માનીને આખરીનમાં સામેલ થયા પછી તથા ખિલાફતની આજ્ઞાપાલનમાં આવીને તેમના ઈમાન અલ્લાહ તઆલાના ફઝલથી ઊચાઈઓને અડી રહ્યું છે. તેમના અસીરોના ઈમાન અને આસ્થાનો અનુમાન આપણે આ પત્રથી લગાવી શકીએ છીએ જે એક અસીરનો કાલે જ મને મળ્યો છે. કહે છે કે અલ્લાહ તઆલાનો લાખ લાખ શુકર છે કે તેણે અમોને સાચા ઈસ્લામની વાસ્તવિકતા આપી છે. જેણે અમારા દિલોને જીવનદાન આપ્યું, બુનયાને મરસૂસ બનાવ્યા અને તેની પ્રસન્નતા માટે એક બીજાથી પ્રેમ કરનાર બનાવ્યા અને ખલીફા એ વકતના હાથ પર એકત્ર કર્યા. મને સંબોધિત કરતાં લખે છે કે સય્યદી! રાહે મૌલામાં અસીરી પછી આખા દેશથી અહેમદી ભાઈ આવીને મળી રહ્યા છે અને અલ્લાહની વિશેષ સહાયતા પર પ્રસન્ન ચિત છે, એક પ્રતિબંધ છે પરંતુ અલ્લાહ તઆલાના ઈનામો જે થઈ રહ્યા છે તેના પર ખુશી પણ મનાવી રહ્યા છે. બધા આ વાત પર વિશ્વસ્ત છે કે સત્યના પ્રચાર માટે કામ અને દુઆઓને જારી રાખવામાં આવે. જેટલી પણ મુશ્કેલીઓ આવે હક ફેલાવવા માટે અમે પોતાનું કામ પણ જારી રાખીશું અને અલ્લાહ તઆલાથી મદદ પણ માંગીશું, દુઆ કરતા રહીશું. લખે છે કે આ પરીક્ષાની ઘડીમાં આપની દુઆની કબૂલિયતના નમૂનાઓ પોતાની આંખોથી જોયા. કહે છે કે અલ્લાહ તઆલાની રહેમતો અલજઝાયેરમાં અહેમદીઓ પર નાઝીલ થઈ રહી છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે કેટલાક કેંદીઓ ત્યાં આઝાદ પણ થયા છે, અલ્લાહ તઆલા શેષ કેંદીઓની આઝાદીના પણ સામાન પૈદા ફરમાવે.

પછી એક અસીર લખે છે કે કેંદી બન્યા ત્યારે વિશ્વાસ થયો કે અલ્લાહ તઆલાએ વિશેષ યુકિત પ્રમાણે આ સામાન કર્યો અર્થાત અમને જે કેદ કરવામાં આવ્યા અથવા દંડ મળ્યો અથવા કેસ થયો, આ અલ્લાહ તઆલાની વિશેષ વ્યવસ્થા હતી જેથી તે પોતાના ચમત્કારોમાંથી કંઈક દેખાડે. કહે છે કે આઝાદી અને આરામના યુગમાં જે સફળતાઓ આપણને મળતી હતી, આપણે સમજતા હતા કે અલ્લાહ તઆલાનો ચહેરો જોઈ લીધો અને તેના માર્ગથી પરિચિત થઈ ગયા પરંતુ હવે માલૂમ થયું કે પહેલાં ખુબ ઓછું જોયું હતું અને હવે તેના ચમત્કારોના અસલ નમૂના જોયા. લખે છે મને સંબોધિત કરીને કે આપની સાથે સ્વપ્નમાં મુલાકાતો થઈ. પછી કહે છે કે આપની દુઆઓ અમારો ઈમાન અને વિશ્વાસ વધારતી હતી અને કેદમાં આનંદ પહોચાડતી હતી. અમારી આઝાદી નિ:સંદેહ આપ અને જમાઅતના નિષ્ઠાવાન લોકોનું પરિણામ છે અને આ પણ લખે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. દ્વારા જારી નિઝામ એ ખિલાફતના કારણે તેમની સંતુષ્ટિના સામાન થતા રહ્યા. વિરોધી જે ભય ઉત્પન્ન કરવા માટે ષડયંત્ર કરતાં હતા અલ્લાહ તઆલા પોતાના વિશેષ ફઝલથી ખિલાફત સાથે જોડાઈ રહેવાના કારણે તેમાંથી તેમના માટે શાંતિના સામાન પૈદા ફરમાવી દેતો હતો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ નાનકડી નવી જમાઅત જે છે અલજઝાયેરની, પોતાની પરીક્ષામાં જે રીતે પસાર થઈ રહી છે, ખુબ દૃડ સંકલ્પ છે અને સ્થાપિત છે અને હવે તેમની ભાવનાઓની અભિવ્યકિત બે પત્રોના માધ્યમથી થઈ જાય છે. ફરમાવ્યું આ અલજઝાયેરના અહેમદી જેમાંથી અમુક સિવાય કોઈએ ખલીફા એ વકતને કયારેય જોયો પણ નથી, પરંતુ ઈમાનમાં કામિલ હોવાના કારણે આ રીતે અલ્લાહ તઆલા તેમની સંતુષ્ટિના સામાન પૈદા થઈ રહ્યા છે જે રીતે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના યુગમાં આપની નિકટ લોકોને દિલની સંતુષ્ટિના સામાન પૈદા થઈ રહ્યા હતા. આ બધું એટલા માટે થઈ રહ્યું છે કે અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.થી આ વાયદો ફરમાવ્યો હતો કે આપના પછી બીજી કુદરત જોકે ખિલાફત છે તેના દ્વારા ફરીથી અલ્લાહ તઆલા આપ અ.સ.ના મિશનને પુરો કરશે અને ઈસ્લામને પુનઃ વિજય બનાવશે અને માનનાર માટે સંતુષ્ટિના સામાન પણ કરશે. આથી હઝરત મસીહ મૌઉદ અ.સ. રિસાલા અલ વસિયતમાં પોતાને આ દુનિયાથી જવા અને ખિલાફત દ્વારા જમાઅતની પ્રગતિને ચાલું રહેવાના વિષયમાં બયાન કરતાં ફરમાવે છે કે:

સો એ અઝીઝો! જબ કે કદીમ સે સુન્નતુલ્લાહ યહી હૈ કે ખુદા તઆલા અપની દો કુદરતે દિખાતા હૈ તા મુખાલિફો કી દો જુઠી ખુશીઓ કો પામાલ કરકે દિખલાવે, સો અબ મુમકિન નહી હૈ કે ખુદા તઆલા અપની કદીમ સુન્નત કો તરક કર દેવે. ઈસ લીયે તુમ મેરી ઈસ બાત સે જો મૈને તુમ્હારે સામને બયાન કી ગમગીન મત હો ઔર તુમ્હારે દિલ પરેશાન ન હો જાએ કયું કે તુમ્હારે લીયે દુસરી કુદરત કા દેખના ભી જરૂરી છે ઔર ઉસ કા આના તુમ્હારે લીયે બહેતર હૈ કયું કે વહ

દાયમી હૈ જીસ કા સિલસિલા કયામત તક મુનકતા નહી હોગા ઔર વહ દુસરી કુદરત નહી આ સકતી જબ તક મૈ ન જાઉં, લેકીન મૈ જબ જાઉંગા તો ફીર ખુદા ઉસ દુસરી કુદરત કો તુમ્હારે લીયે ભેજ દેગા જો હંમેશા તુમ્હારે સાથ રહેગી જેસા કે ખુદા કા બરાહીને અહેમદિયા મે વાદા હૈ ઔર વહ વાદા મેરી જાત કી નિસબત નહી હૈ બલ્કે તુમ્હારી નિસબત વાદા હૈ જેસા કે ખુદા ફરમાતા હૈ કે મૈ ઈસ જમાઅત કો જો તેરે પૈરો હૈ કયામત તક દુસરો પર ગલ્બા દૂંગા.

હુઝુર અનવરે ફરમાવ્યું કે મુશ્કેલીઓ પણ આવશે, પરીક્ષાઓ પણ આવશે પરંતુ અમતિમ વિજય જમાઅત અહેમદિયાની છે ઈન્શા અલ્લાહ હઝરત મસીહ મૌઉદ અ.સ. દ્વારા જારી થનાર નિઝામ એ ખિલાફત જ તે વાસ્તવિક વ્યવસ્થા છે જેની સાથે પ્રગતિઓ નિશ્ચિત છે તથા દુનિયાની શાંતિ અને સલામતી પણ તેની સાથે છે. આ જ વ્યવસ્થા છે જેના દ્વારા ઈસ્લામની ઉત્તમતા અને પ્રભુતા આખી દુનિયા પર પ્રમાણિત થવી અને સ્થાપિત થવી છે. આથી, આ વિજયની ખબર આપતાં હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે અલ્લાહ તઆલા બે પ્રકારની કુદરત જાહેર કરે છે. પહેલી ખુદા નબીઓના હાથે પોતાની કુદરતનો હાથ બતાવે છે. બીજી એવા સમયમાં જ્યારે નબીનું અવસાન પછી મુશ્કેલીઓ આવે છે અને દુશ્મનો ખુશી વ્યકત કરે છે અને સમજે છે કે હવે કામ બગડી ગયું અને વિશ્વાસ કરી લે છે કે હવે જમાઅત નષ્ટ થઈ જશે અને સ્વયં જમાઅતના લોકો પણ સંકોચમાં પડી જાય છે અને તેમની કમર ટુટી જાય છે અને અમુક અભાગ્યાઓ મુરતદ થવાના માર્ગ પર ચાલ્યા જાય છે. ત્યારે ખુદા તઆલા બીજી વાર પોતાની ભવ્ય શકિત જાહેર કરે છે અને નષ્ટ થતી જમાઅતને સંભાળી લે છે આમ જે અમ્ત સુધી સંતોષ દેખાડે છે, ખુદા તઆલાના આ ચમત્કારને જુએ છે જેવું કે હઝરત અબૂ બકર સિદ્દીક રઝીઅલ્લાહુ અન્હુના સમયમાં થયો.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો આ મોટો અહેસાન છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના અવસાન પછી એક ઝટકો તો જમાઅતને લાગ્યો પરંતુ અલ્લાહ તઆલાએ હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ દ્વારા જમાઅતને તરત જ સંભાળી લીધી. પછી હઝરત ખલીફતુલ મસીહ અવ્વલના અવસાન બાદ જમાઅતને એક મોટો ઝટકો લાગ્યો અને ખુબ સંકટ પૂર્ણ પરિસ્થિતી હતી, એક લાંબી રૂપ રેખા છે પરંતુ પરિણામ શું થયું? આખરે ખિલાફત જ કામિયાબ થઈ અને સફળતાઓના માર્ગ પર ચાલતી ચાલી ગઈ અને મંજીલો તય કરતી ગઈ. પછી ખિલાફતે સાલસાનો યુગ આવ્યો, સંકટ તો આવ્યો પણ તે છતાંય અલ્લાહ તઆલાએ ફઝલ કર્યો. સરકારની ખુબ ભયાનક યોજનાઓ હતી પરંતુ કોઈ રૂકાવટ પૈશ ન કરી શકયો. જમાઅત નવી મંજીલો તય કરવા લાગી તબલીગના નવા માર્ગો ખુલવા લાગ્યા અને પછી સૈટેલાઈટ દ્વારા દુનિયામાં તબલીગ કરવામાં આવી. પછી ખિલાફતે ખામસામાં પણ નવા માર્ગોથી અધિક વિસ્તાર થયો. જમાઅતનો સંદેશ હઝારોમાંથી નિકળીને લાખોથી નિકળીને, કરોડોમાં જવા લાગ્યો. એક દેશ અથવા બે દેશોના બદલે હવે અનેક દેશોમાં વિરોધ શરૂ થઈ ગયો છે અને આ જ અહેમદિયતની સત્યતાનું પ્રમાણ છે અને આ જ પ્રગતિની નિશાની છે. અહેમદિયતથી પાછા હટાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે પરંતુ અલ્લાહ તઆલા પોતાના વાયદા અનુસાર પ્રગતિના માર્ગો ખોલતો જઈ રહ્યો છે અને પ્રગતિ થતી જઈ રહી છે અને આ બધી વાતો જાહેર કરે છે કે અસ્થાયી રૂકાવટ હોવા છતાં ઈસ્લામનો વિજય ઈન્શા અલ્લાહ તઆલા હઝરત મસીહ મૌઉદ અ.સ. દ્વારા તથા આપના પછી જારી નિઝામે ખિલાફત દ્વારા જ થવો છે. વિરોધ કરનાર ચાહે જેટલો પણ જોર લગાવી લે તેમના ભાગ્યમાં નિષ્ફળતા તથા નિરાશા જ છે. અલ્લાહ તઆલા પ્રત્યેક અહેમદીને તૌફીક આપે કે તે પોતાના ઈમાનમાં મજબૂત હોય તથા સારૂં કામ કરમાર પણ હોય અને ઈબાદતોના ધોરણો પણ પ્રત્યેક અહેમદીના બુલંદ થતા ચાલ્યા જાય જેથી આપણે હંમેશા આ પ્રગતિના ભાગ બનનાર રહીએ.

ખુત્બાના અમ્તમાં હુઝુર અનવરે ચૌધરી હમીદ અહેમદ સાહેબ ઈબ્ને મુકરરમ ચૌધરી મુહમ્મદ સુલેમાન અખતર સાહેબ ઑફ યૂ.કે.ની નમાઝે જનાઝા હાઝીર પઢાવવાનો એલાન ફરમાવ્યું જે ૨૦ મે ૨૦૧૭ ના રોજ ૪૨ વર્ષની આયુમાં અવસાન થયું. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાજેઉન.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 26 May 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To...............................................................................................................<br>...............................................................................................................<br>...............................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |